રજૂ તારીખ : ૧૧.૦૨.૨૦૨૬
દાખલ તારીખ : ૧૧.૦૨.૨૦૨૬
ફેંસલ તારીખ : ૧૭.૦૩.૨૦૨૬

| અવધિ : | વર્ષ | માસ | દિવસ |
|---|---|---|---|
| | ૦ | ૧ | ૬ |

આંક–..........

**સુરતના મુખ્ય જિલ્લા અને સત્ર ન્યાયાધીશશ્રીની**
**કોર્ટ સમક્ષ, મુ.સુરત**

**ફોજદારી પરચુરણ અરજી નં.૯૪૪/૨૦૨૬**

રજદારઃ **મેહુલકુમાર નરેન્દ્રસિંહ ખેર,**
ઉં.આ.૨૭ વર્ષ, ધંધોઃ નોકરી,
રહેવાસીઃ પ્લોટ નં.૪૧, મહાલક્ષ્મી સોસાયટી,
જલારામ નગર પાસે, ડીંડોલી, સુરત.

વિરુદ્ધ

સામાવાળાઃ શ્રી સરકાર.

**વિષયઃ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૨ અન્વયે આગોતરા જામીન અરજી.**

અરજદાર તરફે વિ.વકીલશ્રી વાય.એ.ઠક્કર
સામાવાળા તરફે વિ.પબ્લિક પ્રોસિક્યૂટરશ્રી એન.એલ.સુખડવાલા

## <u>ચૂકા દો</u>

**(૧)** અરજદાર–આરોપીએ ગોડાદરા પોલીસ સ્ટેશન પાર્ટ–'એ' ગુના રજિ. નં.૧૧૨૧૦૦૬૪૨૫૧૯૮૬/૨૦૨૫ ના કામે ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૦૩(૧), ૨૯૬(બી), ૧૧૫(૨), ૫૪, ૧૪૦(૧), ૧૪૦(૩), ૧૮૯(૪), ૧૮૯(૨), ૧૯૧(૨), ૧૯૧(૩), ૧૯૦, ૧૪૦(૨), ૩૦૮(૪), ગુજરાત પોલીસ અધિનિયમની કલમ–૧૩૫(૧) તથા ગુજરાત કંટ્રોલ ઓફ ટેરરીઝમ એન્ડ ઓર્ગેનાઈઝડ ક્રાઈમ એક્ટ, ૨૦૧૫ (હવે પછી ટૂંકમાં 'ગુજસીટોક એકટ' તરીકે સંબોધવામાં આવેલ છે) ની કલમ–૩(૧)(i), ૩(૨) તથા ૩(૪) ના ગુના સબબ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૨ હેઠળ આગોતરા જામીન મેળવવા માટે હાલની અરજી કરેલી છે.

**(૨)** હાલના ગુનાની સંક્ષિપ્તમાં હકીકત એવી છે કે, અરજદાર–આરોપી આ ગુનાના સહઆરોપીઓ સાથે મળી ગેરકાયદેસર રીતે પ્રતિબંધિત દારૂના વેચાણની પ્રવૃત્તિ કરતા આવેલ. બનાવના દિવસે મરણ જનાર (૧) સોયેબ ફિરોજ ચાંદ શેખ, (૨) નાઝીમ ઉર્ફે ભાંજા સાદિક રાજ તેમજ ઈજા પામનાર ઈર્શાદ ઉર્ફે કાણીયો કદીર શેખ સહઆરોપી પ્રદ્યુમનના ઘરે પ્રોહિબિશનનો માલ ચોરી કરવા આવેલ હોવાની જાણ સહઆરોપીને થતાં આ ગુનાના આરોપીઓએ બંને મરણ જનારાઓ તેમજ ઈજા પામનારનું અપહરણ કરી, તેઓને ગેરકાયદેસર અટકાયતમાં રાખી, લાકડાના ફટકા અને પાઈપ વડે મારી ગંભીર ઈજા પહોંચાડેલ અને ફરિયાદી પાસે નાણાંની માંગણી કરેલ અને ફરિયાદીએ પૈસા ન આપતા, આરોપીએ ફરીથી મરણ જનાર તથા ઈજા પામનારને લોખંડના પાઈપ, લાકડાના ફટકા અને લાતો

વડે માર મારેલ, જેના કારણે બંને મરણ જનારાઓ મૃત્યુ પામેલ અને ઈજા પામનારને ગંભીર ઈજા થયેલ; ત્યાર બાદ આરોપીઓએ ગુનામાં ઉપયોગમાં લીધેલ હથિયારો અજાણી જગ્યાએ નાખી દઈ, પુરાવાનો નાશ કરેલ. આ બનાવ સંદર્ભે સૌપ્રથમ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૧૦૩(૧), ૨૯૬(બી), ૧૧૫(૨), ૫૪ તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૧) મુજબનો ગુનો નોંધાયેલ. સદર ગુનાની તપાસ દરમ્યાન આરોપીઓએ ગેરકાયદેસર મંડળી રચી, પોતાનો સમાન ઈરાદો પાર પાડવા માટે મરણ જનાર તેમજ ઈજા પામનારને નાણાંકીય લેવડદેવડની તકરારમાં ગેરકાયદેસર રીતે અટકાયત કરી, તેઓનું અપહરણ કરી, મોત નીપજાવેલ હોવાની હકીકત ખૂલતા સદર ગુનાના કામે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૧૪૦(૧), ૧૪૦(૩), ૧૮૯(૪), ૧૮૯(૨), ૧૯૧(૨), ૧૯૧(૩), ૧૯૦ નો ઉમેરો કરવામાં આવેલ. ત્યાર બાદ સદર ગુનાના કામે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૧૪૦(૨), ૩૦૮(૪) નો ઉમેરો કરવામાં આવેલ. તપાસ દરમ્યાન સદર ગુનો સંગઠિત ગુના આચરતી ટોળકી નામે 'શીવા ટકલા ગેંગ' દ્વારા કરવામાં આવેલ હોવાનું ખૂલતા અને આ ગેંગના સભ્યોએ અલગ-અલગ વિસ્તારોમાં જાહેરમાં મારક હથિયારો વડે મારામારી, ખંડણી ઉઘરાવવાના, બળજબરીથી કઢાવી લેવાના, ધાકધમકી આપવાના ગુનાઓ કરેલ હોવાનું અને તેઓએ પોતાની ગુનાહિત પ્રવૃત્તિ સતત ચાલું રાખેલ હોવાનું ખૂલતાં સદર ગુનાના કામે ગુજસીટોક એકટની કલમ-૩(૧)(i), ૩(૨) તથા ૩(૪) નો ઉમેરો કરવામાં આવેલ છે.

**(૩)** હાલની જામીન અરજી સંદર્ભે આ કામના સામાવાળાને નોટિસ બજતા, ફરિયાદ પક્ષે વિ.પબ્લિક પ્રોસિક્યૂટરશ્રી એન.એલ.સુખડવાલા

હાજર થયેલ છે. તપાસ કરનાર અધિકારીએ આંક–૫ થી રજૂ કરેલ સોગંદનામું વંચાણે લીધેલ છે. પક્ષકારોના વિ.વકીલશ્રીઓની રજૂઆત સાંભળી તેમજ રેકર્ડ વંચાણે લીધું.

(૪) અરજદાર–આરોપી તરફેના વિ.વકીલશ્રીની રજૂઆત મુજબ, અરજદાર–આરોપી નિર્દોષ છે, તેમણે કોઈ ગુનો કરેલ નથી; સદર ગુનાની ફરિયાદ બે દિવસના વિલંબ બાદ આપવામાં આવેલ છે, જે બાબતે ફરિયાદી દ્વારા કોઈ વાજબી ખુલાસો કરવામાં આવેલ નથી. અરજદાર–આરોપીએ હાલના ગુનામાં કોઈ ભૂમિકા ભજવેલ નથી અને તે જ કારણસર તેનું નામ એફ.આઈ.આર. માં દર્શાવવામાં આવેલ નથી. કહેવાતી ગુનાવાળી જગ્યાએ અરજદાર–આરોપીની હાજરી નથી. અરજદાર–આરોપીને હાલના ગુનામાં માત્ર સહઆરોપીના નિવેદન આધારે સંડોવી દેવામાં આવેલ છે. હાલના ગુનામાં જે વાહનોનો ઉપયોગ કરવામાં આવેલ હોવાના આક્ષેપ છે, તે પૈકીના કોઈ વાહન અરજદાર–આરોપીની માલિકીના નથી. અરજદાર–આરોપી કહેવાતી સંગઠિત ગુના આચરતી ટોળકી સાથે સંકળાયેલા નથી, તેઓ આ ટોળકીના કોઈ પણ સભ્યને ઓળખતા પણ નથી. અરજદાર–આરોપી વિરુદ્ધ કહેવાતી સંગઠિત ગુના આચરતી ટોળકીના કોઈ પણ સભ્ય સાથે ગુનો નોંધાયેલ નથી. અરજદાર–આરોપી વિરુદ્ધ છેલ્લા દસ વર્ષમાં કોઈ ગુનો નોંધાયેલ નથી, તેમ છતાં તેમના વિરુદ્ધ ગુજસીટોકનો ગુનો ખોટી રીતે દાખલ કરવામાં આવેલ છે. અરજદાર–આરોપી અરજીમાં જણાવેલા સરનામે રહેતા આવેલા છે અને ક્યાંય નાસી–ભાગી જાય તેમ નથી. તેઓ સદર ગુનાની તપાસમાં સાથ સહકાર આપશે અને નામદાર કોર્ટ દ્વારા ફરમાવવામાં આવેલ તમામ શરતોનું તેઓ ચુસ્તપણે પાલન કરશે. આ તમામ સંજોગો

ધ્યાને લઈ, અરજદાર–આરોપીના આગતોરા જામીન મંજૂર કરવા રજૂઆત કરેલ છે.

(૫) સરકાર પક્ષે હાલની જામીન અરજીનો વિરોધ કરતા વિ.પબ્લિક પ્રોસિક્યૂટરશ્રીએ રજૂઆત કરેલ છે કે, અરજદાર–આરોપીની હાલના ગુનામાં શરૂઆતથી સક્રિય ભૂમિકા છે. અરજદાર–આરોપીએ સહઆરોપીઓ સાથે મળી, મરણ જનારાઓ તથા ઈજા પામનારનું અપહરણ કરી, તેઓને ગેરકાયદેસર અટકાયતમાં રાખી, ફરિયાદી પાસે નાણાંની માંગણી કરી, બે ઈસમોનું ખૂન કરેલ છે અને એક ઈસમને ગંભીર ઈજા પહોંચાડેલ છે. વધુમાં અરજદાર–આરોપી ગેંગના મુખ્ય લીડર શિવાકાંત સાથે મળી કાયદાથી પ્રતિબંધિત દારૂના વેચાણની ગેરકાયદેસર પ્રવૃત્તિ સાથે સંકળાયેલ છે, જેઓ ચોરીછૂપીથી દારૂનું વેચાણ કરતા આવેલ છે. સદર ગુનાની તપાસ દરમ્યાન અરજદાર–આરોપીની તેમના રહેણાંકના સરનામે તેમજ સંભવિત સ્થળોએ તપાસ કરતા તે મળી આવેલ નથી અને પોતાની ધરપકડ ટાળવાના ઈરાદે નાસતા–ફરતા રહેલ છે. વિ.પી.પી.શ્રીએ વિશેષમાં રજૂઆત કરતા જણાવેલ છે કે, ઉપરોક્ત ગુના સંદર્ભે હાલ તપાસ નાજુક તબક્કામાં છે અને અરજદાર–આરોપીના કસ્ટોડીયલ ઈન્ટરોગેશનની આવશ્યકતા છે. વધુમાં અરજદાર–આરોપી સંગઠિત ગુના આચરતી ટોળકીના સભ્ય છે અને આ ટોળકી દ્વારા અલગ–અલગ વિસ્તારોમાં જાહેરમાં મારક હથિયારો વડે મારામારી, ખંડણી ઉઘરાવવાના, બળજબરીથી કઢાવી લેવાના, ધાકધમકી આપવાના ગુનાઓ કરવામાં આવેલ છે. જેથી ગુજસીટોક એક્ટની કલમ–૨(૧)(સી)(ઈ)(એફ) ની વ્યાખ્યા મુજબ, અરજદાર–આરોપી સંગઠિત ગુના આચરતી ટોળકીના સભ્ય હોઈ તેમજ

હાલના ગુનાની તપાસ ચાલું હોઈ, અરજી નામંજૂર કરવા રજૂઆત કરેલ છે. અરજદાર–આરોપી વિરુદ્ધ હાલના ગુના સિવાય ત્રણ ગુનાઓ નોંધાયેલ છે. આમ, તેમનો ગુનાહિત ઈતિહાસ છે. જેથી ઉપરોક્ત તમામ સંજોગો ધ્યાને લઈ, અરજદાર–આરોપીની હાલની અરજી નામંજૂર કરવા રજૂઆત કરેલ છે.

(૬) અરજદાર–આરોપીની હાલની આગોતરા જામીન અરજીનો નિર્ણય કરતાં પહેલાં ગુજસીટોક એક્ટની કલમ–૨૦(૩) ની જોગવાઈ ધ્યાને લેવી આવશ્યક જણાય છે, જે નીચે મુજબ છેઃ–

**કલમ–૨૦(૩)**

> આ અધિનિયમ હેઠળ શિક્ષાપાત્ર ગુનો કર્યાના આરોપ પરથી કોઈ વ્યક્તિની ધરપકડ સાથે સંકળાયેલ કોઈ કેસના સંબંધમાં સંહિતાની કલમ–૪૩૮ ની કોઈ જોગવાઈ લાગુ પડશે નહીં.

ગુજસીટોક એક્ટની ઉપરોક્ત જોગવાઈ ધ્યાને લેતાં, જે કેસમાં આરોપી વિરુદ્ધ ગુજસીટોક એક્ટનો ગુનો દાખલ થયેલ હોય, તે કેસમાં ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૪૩૮ (ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૨) ની જોગવાઈ લાગુ પડશે નહીં, એટલે કે આવા કેસમાં આરોપીને આગોતરા જામીન મળવાપાત્ર નથી. આ પ્રાથમિક જોગવાઈ ઉપરાંત ગુણદોષ પર પણ અરજદાર–આરોપીનો કેસ શિથીલ છે, જેની ચર્ચા નીચે કરેલ છે.

(૭) અરજદાર–આરોપીની હાલની અરજી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૨ અન્વયેની હોઈ, તે સંબંધેની કાનૂની જોગવાઈ તથા નામદાર સર્વોચ્ચ અદાલતનો **સિદ્ધરામ સતલીંગપ્પા મહાત્રે વિ. મહારાષ્ટ્ર**

**<u>રાજ્ય અને બીજા – ૨૦૧૧(૧) જી.એલ.એચ. ૧૧ (સુપ્રિમ કોર્ટ)</u>** નો ચૂકાદો ધ્યાને લેતાં, નીચે નિર્દિષ્ઠ મુદ્દાઓ ધ્યાને લેવા જરૂરી છેઃ–

૧. આક્ષેપિ ગુનાનો પ્રકાર તથા ગુનાની ગંભીરતા.

૨. કોગ્નીઝેબલ ગુન્હા અંગે આ પહેલાં અદાલતે દોષિત ઠરાવવાથી સજા ભોગવી છે કે કેમ, તે સહિત અરજદારનો પૂર્વ ઈતિહાસ.

૩. ન્યાયથી નાસી જવાની અરજદારની સંભાવના.

૪. અરજદાર–આરોપી ઉપર તેને હાનિ અથવા માનહાનિ કરવાના હેતુથી, ધરપકડ કરવાના ઈરાદાથી આરોપ મૂકવામાં આવ્યો છે કે કેમ.

નામદાર સર્વોચ્ચ અદાલતના ઉપરોક્ત ચૂકાદાને ધ્યાને લેતાં, નામદાર સર્વોચ્ચ અદાલતે આગોતરા જામીન અરજીનો નિર્ણય કરતી વખતે નાગરિકની બંધારણીય સ્વતંત્રતા, આરોપી વિરુદ્ધ નોંધાયેલ ગુનાની ગંભીરતા, આરોપીને પોલીસ કસ્ટડીમાં રાખી તપાસ જરૂરી છે કે કેમ, સમાજનું હિત, આરોપીની પોલીસ તપાસ દરમ્યાન હાજરી ઉપલબ્ધ બની રહેશે કે કેમ, આરોપીએ ગુનામાં ભજવેલ ભૂમિકા, આરોપી આગોતરા જામીન ઉપર મુકત થયા બાદ ફરિયાદ પક્ષના શાહેદ–પુરાવા સાથે ચેડાં કરશે કે કેમ, નાસી–ભાગી જવાની શક્યતા તેમજ પોલીસ તપાસને વિપરીત અસર થશે કે કેમ વગેરે બાબતો ધ્યાને લેવી જરૂરી છે અને આ બાબતોને ધ્યાને રાખી, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૨ અન્વયેની આરોપીને આગોતરા જામીન ઉપર મુકત કરવા સંબંધેની વિવેકાધીન સત્તાનો ઉપયોગ સમતુલા જાળવીને કરવાનો છે તેમ ઠરાવી, જો ગુનાની પોલીસ તપાસ માટે

અનિવાર્યપણે આરોપીની પોલીસ કસ્ટડી જરૂરી ન હોય અને આરોપીની પોલીસ કસ્ટડી વિના પોલીસ તપાસ થઈ શકે તેમ હોય તો સામાન્ય રીતે આરોપીને આગોતરા જામીન ઉપર મુકત કરવા જોઈએ અને આ હુકમ મર્યાદિત સમય માટેનો ન હોવો જોઈએ તેમજ આરોપીને સરન્ડર થવા ફરજ પાડી શકાય નહીં કે ફરીથી રેગ્યુલર જામીન અરજી કરવા આદેશ આપવો ન્યાયોચિત નથી. ઉપરોક્ત ચૂકાદામાં **ગુરૂબક્ષસીંઘ સીબીઆ વિ. પંજાબ રાજ્ય – ૧૯૮૦ ક્રિમીનલ લો રીપોર્ટર (સુપ્રિમ કોર્ટ) ૪૭૫** ના ચૂકાદાનો ઉલ્લેખ કરી ઠરાવવામાં આવેલ છે કે, નામદાર સર્વોચ્ચ અદાલતની કોન્સ્ટીટ્યૂશનલ બેન્ચ દ્વારા આ ચૂકાદામાં જે અવલોકનો કરવામાં આવેલ છે તે ધ્યાને રાખી નિર્ણય કરવો જોઈએ.

આગોતરા જામીન અરજીનો નિર્ણય કરતી વખતે અદાલતે આરોપીની નાગરિક તરીકેની સ્વતંત્રતા તેમજ જે તે ગુનાની પોલીસ તપાસ કરવાના પોલીસ અધિકારીના હક્ક સંબંધે સમતુલા જાળવવી જોઈએ, એટલે કે, આગોતરા જામીન મંજૂર કરવાના કારણે ગુનાની પોલીસ તપાસને વિપરીત અસર થવી જોઈએ નહીં. જો ગુનાની પોલીસ તપાસ આરોપીની પોલીસ કસ્ટડી વિના થઈ શકતી હોય તો તે શ્રેષ્ઠ બાબત છે, એટલે કે, જો અનિવાર્યપણે ગુનાની પોલીસ તપાસ માટે આરોપીની પોલીસ કસ્ટડી જરૂરી ન હોય તો આરોપીને જામીન પર મુકત કરવા જોઈએ.

(૮) ફરિયાદ પક્ષના કેસ મુજબ, અરજદાર–આરોપીએ આ ગુનાના સહઆરોપીઓ સાથે મળી, મરણ જનારાઓ તેમજ ઈજા પામનારનું અપહરણ કરી, તેઓને ગેરકાયદેસર અટકાયતમાં રાખી, ફરિયાદી પાસે નાણાંની માંગણી કરી, મરણ જનાર બે ઈસમોનું ખૂન કરેલ હોવાના અને એક

ઈસમને ગંભીર ઈજા પહોંચાડેલ હોવાના આક્ષેપ મૂકવામાં આવેલ છે. તપાસ કરનાર અધિકારીના સોગંદનામાને ધ્યાને લેતાં, સદર ગુનાની તપાસ દરમ્યાન આરોપીઓ વિરુદ્ધ છેલ્લા ૧૦ વર્ષમાં ત્રણ વર્ષ કે તેથી વધુ સજાને પાત્ર બે કે તેથી વધુ ગુનામાં ચાર્જશીટ થયેલાનું જણાઈ આવતા, સદર ગુનાના કામે ગુજસીટોક એક્ટ અન્વયેના ગુનાનો ઉમેરો કરવામાં આવેલ છે.

(૯) આ તબક્કે તપાસ કરનાર અધિકારીનું આંક–૫ નું સોગંદનામું વંચાણે લેતાં, તેમાં જણાવવામાં આવેલ છે કે, અરજદાર–આરોપીએ હાલના ગુનામાં સક્રિય ભૂમિકા ભજવેલ છે અને તેમના વિરુદ્ધ સબળ અને મહત્વના પુરાવાઓ મળી આવેલ છે. રેકર્ડ પરથી એવું જણાય છે કે, હાલના અરજદાર–આરોપીએ સંગઠિત ગુના આચરતી ટોળકીના સભ્ય તરીકે રહેલ છે. આ ટોળકીના સભ્યોએ સુરત શહેર, સુરત ગ્રામ્ય, નવસારી તેમજ વલસાડ જિલ્લાના અલગ–અલગ વિસ્તારોમાં ખૂન, ખૂનની કોશિશ, વ્યથા, મહાવ્યથા, ચોરી, ગુનાહિત ધમકી, ત્રાસ આપવાના, આર્મ્સ એક્ટ, પ્રોહિબિશન એક્ટ હેઠળના તેમજ જાહેરનામાના ભંગના એક કરતા વધુ ગુનાઓ આચરેલા છે. તપાસ કરનાર અધિકારીના સોગંદનામામાં જણાવ્યા મુજબ, અરજદાર–આરોપી વિરુદ્ધ હાલના ગુના સિવાય ત્રણ ગુનાઓ નોંધાયેલ છે. વધુમાં હાલ તપાસ નાજુક તબક્કમાં છે. અરજદાર–આરોપી તરફે એવી રજૂઆત કરવામાં આવેલ છે કે, તેમણે સંગઠિત ગુના આચરતી ટોળકીના સભ્ય તરીકે વ્યક્તિગત અથવા ગેંગ વતી સામુહિક રીતે ક્યારેય કોઈ ગુનાહિત પ્રવૃત્તિ કરેલ ન હોઈ, તેમની સામે પ્રથમ દર્શનીય કેસ નથી.

(૧૦) આ તબક્કે નામદાર ગુજરાત ઉચ્ચ ન્યાયાલયના **બીલ્કીસબાનુ (બીસ્કીસબાનો) હનિફખાન ઉર્ફે કાલો મુન્નો અમીરખાન**

**જાટમલેક વિ. ગુજરાત રાજ્ય – ૨૦૨૨(૦) એઆઈજેઈએલ–એચસી–૨૪૩૯૪૦** ના ચૂકાદાનો સંદર્ભ ટાંકવો જરૂરી છે, જેમાં નામદાર ગુજરાત ઉચ્ચ ન્યાયાલય દ્વારા ઠરાવવામાં આવેલ છે કે,

> **12.** At this stage, it would be apposite to refer to the decision of the Supreme Court in the case of Prasad Shrikant Purohit vs State Of Maharashtra & Anr, (2015) 7 SCC 440, whereby the Supreme Court, while examining the peri materia provisions of the Maharashtra Control of Organized Crime Act, 1999 (hereinafter called "MCOCA"), has held thus:-
>
> "42. The definition of 'continuing unlawful activity' under Section 2(1)(d) mainly refers to an activity prohibited by law. The said activity should be a cognizable offence, punishable with imprisonment of three years or more. The commission of such offence should have been undertaken either by an individual singly or by joining with others either as a member of an 'organized crime syndicate' or even if as an individual or by joining hands with others even if not as a member of a 'organized crime syndicate' such commission of an offence should have been on behalf of such syndicate. It further states that in order to come within the definition of 'continuing unlawful activity' there should have been more than one charge-sheet filed before a competent Court within the preceding period of 10 years and that the said Court should have taken cognizance of such offence.

43. Before getting into the nuances of the said definition of 'continuing unlawful activity', it will be worthwhile to get a broad idea of the definition of 'organized crime' under Section 2(1)(e) and 'organized crime syndicate' under Section 2(1)(f). An 'organized crime' should be any 'continuing unlawful activity' either by an individual singly or jointly, either as a member of an 'organized crime syndicate' or on behalf of such syndicate. The main ingredient of the said definition is that such 'continuing unlawful activity' should have been indulged in by use of violence or threat of violence or intimidation or coercion or other unlawful means. Further such violence and other activity should have been indulged in with an objective of gaining pecuniary benefits or gaining undue economic or other advantage for himself or for any other person or for promoting insurgency. Therefore, an 'organized crime' by nature of violent action indulged in by an individual singly or jointly either as a member of an 'organized crime syndicate' or on behalf of such syndicate should have been either with an object for making pecuniary gains or undue economic or other advantage or for promoting insurgency. If the object was for making pecuniary gains it can be either for himself or for any other person. But we notice for promoting insurgency, there is no such requirement of any personal interest or the interest of any other person or body. The mere indulgence in a violent activity etc. either for

pecuniary gain or other advantage or for promoting insurgency as an individual, either singly or jointly as a member of 'organized crime syndicate' or on behalf of a such syndicate would be sufficient for bringing the said activity within the four corners of the definition of 'organized crime'.

44. An 'organized crime syndicate' is a group of two or more persons who by acting singly or collectively as a syndicate or gang indulge in activities of 'organized crime'.

45. By conspectus reading of the above three definitions, if in the preceding 10 years from the date of third continuing unlawful activity if more than one charge-sheet has been filed before a competent Court which had taken cognizance of such offence which would result in imposition of a punishment of three years or more, undertaken by a person individually or jointly either as a member of an 'organized crime syndicate' or on its behalf, such crime if falls within the definition of 'organized crime', the invocation of MCOCA would be the resultant position." The Supreme Court, while examining the provisions of Section 2(1)(d) in MCOCA Act, which is pari materia to Section 2(1)(c) of the Act, which defines "continuing unlawful activity" has held that the commission of such activity should be a cognizable offence, punishable with imprisonment of three years or more and such offence

should have been undertaken either by an individual singly or by joining with others either as a member of an 'organized crime syndicate' or even if as an individual or by joining hands with others even if not as a member of a 'organized crime syndicate' and such commission of an offence should have been on behalf of such syndicate. Unquestionably, the offences which are registered against the applicant stipulate punishment of more than three years. It is further held by the Apex Court that in order to come within the definition of 'continuing unlawful activity' there should have been more than one charge-sheet filed before a competent court within the preceding period of 10 years and that the said Court should have taken cognizance of such offence.

**13.** It is not in dispute that before the promulgation of the Act, i.e. on 05.11.2019, the applicant has been arraigned as an accused under the provisions of Sections 379 and 307 of the IPC and after the promulgation in 3 offences under Section 379 and 413 of the IPC. The investigation for the said offence is still going on. The registration of the offences on the same day cannot dilute the offence registered under the Act, and such registration of the FIRs cannot ipso facto influence the grant of bail.

**14.** While examining the definition of an 'organized crime' under Section 2(1)(e) and 'organized crime

syndicate' under Section 2(1)(f) of the MCOCA Act, which are peri materia to Section 2(1) (e) and (f) of the Act, the Supreme Court has held that the main ingredient of the definition of "organized crime syndicate and organized crime" is that such continuing unlawful activity should have been indulged in by use of violence or threat of violence or intimidation or coercion, or other unlawful means. Further, such violence and other activities should have been indulged in with an objective of gaining pecuniary benefits, or gaining undue economic or other advantage for himself or any other person or for promoting insurgency. Therefore, an 'organized crime' by nature of violent action indulged in by an individual singly or jointly either as a member of an 'organized crime syndicate' or on behalf of such syndicate should have been either with an object for making pecuniary gains or undue economic or other advantage or for promoting insurgency. It is further held that mere indulgence in a violent activity etc. either for pecuniary gain or other advantage or for promoting insurgency as an individual, either singly or jointly as a member of 'organized crime syndicate' or on behalf of a such syndicate would be sufficient for bringing the said activity within the four corners of the definition of 'organized crime'. Prima facie, the contents of the FIRs, and the charge-sheets disclose, that the applicant along with co-accused singly and jointly while acting as a member of an 'organised crime

syndicate' was promoting and carrying out the 'organised crime'.

**15.** The applicant is seeking bail under Section 439 of the Code. While examining the case of the applicant, against whom the FIR under the Act has been registered, this Court cannot be oblivious of the the provisions of Section 20(4) of the Act. The same read thus:

"20(4) Notwithstanding anything contained in the Code, no person accused of an offence punishable under this Act
shall, if in custody, be released on bail or on his own bond. unless -
(a) the Public Prosecutor has been 'given an opportunity to oppose the application of such release; and
(b) where the Public Prosecutor opposes the application,. the Special Court is satisfied that there are reasonable grounds for believing that accused is not guilty of committing such offence and that he is not likely to commit any offence while on bail'"

**16.** The provisions of clause (b) of sub-section (4) of Section 2 of the Act mandates that the Court, while considering the case of an accused for bail has to be satisfied that there are reasonable grounds for believing that the accused is not guilty of committing

> such offence and that he is not likely to commit any offence while on bail. Thus, this being a Special Act, dealing with organized crime by an organized crime syndicate, the Court is required to record its opinion that there are reasonable norms for believing that the accused is "not guilty" of the alleged offence. Such satisfaction is an inbuilt mechanism of the aforesaid provision. Looking to the overall contents of the FIRs and the charge-sheets and the role attributed to the applicant, the applicant is unable to carve out any exception, which can impress this Court to from a prima facie opinion, which can satisfy the expression "reasonable grounds for believing that accused is not guilty of committing such offence'

**(૧૧)** નામદાર ગુજરાત ઉચ્ચ ન્યાયાલયના ઉપરોક્ત ચૂકાદામાં પ્રસ્થાપિત કરવામાં આવેલ સિદ્ધાંતો ધ્યાને લેતાં એ સ્પષ્ટ થાય છે કે, છેલ્લા દસ વર્ષમાં એકથી વધારે ગુનાનું ચાર્જશીટ દાખલ થવાની જરૂરીયાત પ્રત્યેક આરોપીના સંદર્ભમાં સમજવાની નથી, બલ્કે, સંગઠિત ગુના આચરતી ટોળકીના સંદર્ભમાં ગણવાની રહેશે.

**(૧૨)** પ્રસ્તુત કેસમાં તપાસ કરનાર અધિકારીના સોગંદનામા તથા પ્રાથમિક તપાસ આધારે અરજદાર–આરોપી સંગઠિત ગુના આચરતી ટોળકીના સભ્ય હોવાનું પ્રથમ દર્શનીય જણાય છે. હાલના ગુનાની તપાસ નાજુક તબક્કામાં છે અને અત્યાર સુધી થયેલ તપાસમાં અરજદાર–આરોપી વિરુદ્ધ સબળ અને મહત્વનો પુરાવો રેકર્ડ પર આવેલ છે. અરજદાર–

આરોપીની આ ગુનામાં ભૂમિકા ધ્યાને લેતાં, તપાસના કામે અરજદાર–આરોપીના કસ્ટોડીયલ ઈન્ટરોગેશન જરૂરી હોવાનું જણાય છે. આ સંજોગોમાં અરજદાર–આરોપીના આગોતરા જામીન મંજૂર કરવાનું ન્યાયોચિત જણાતું નથી. જેથી ગુજસીટોક એક્ટની કલમ–૨૦(૩) ની જોગવાઈ તેમજ ઉપરોક્ત તમામ સંજોગોને ધ્યાને લેતાં, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૨ અન્વયે આ કોર્ટને મળેલ વિવેકાધીન સત્તાનો ઉપયોગ કરી અરજદાર–આરોપીના આગોતરા જામીન મંજૂર કરવાનું ન્યાયોચિત જણાતું ન હોઈ, હું નીચે મુજબ હુકમ કરવો વાજબી માનું છું:–

**હુકમ**

અરજદાર–આરોપી **મેહુલકુમાર નરેન્દ્રસિંહ ખેર**ની ગોડાદરા પોલીસ સ્ટેશન પાર્ટ–'એ' ગુના રજિ. નં.૧૧૨૧૦૦૬૪૨૫૧૯૮૬/૨૦૨૫ ના કામે ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૦૩(૧), ૨૯૬(બી), ૧૧૫(૨), ૫૪, ૧૪૦(૧), ૧૪૦(૩), ૧૮૯(૪), ૧૮૯(૨), ૧૯૧(૨), ૧૯૧(૩), ૧૯૦, ૧૪૦(૨), ૩૦૮(૪), ગુજરાત પોલીસ અધિનિયમની કલમ–૧૩૫(૧) તથા ગુજસીટોક એક્ટની કલમ–૩(૧)(i), ૩(૨) તથા ૩(૪) ના ગુના સબબ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૨ હેઠળ આગોતરા જામીન મેળવવા માટેની **ફોજદારી પરચુરણ અરજી નં.૯૪૪/૨૦૨૬** આથી **નામંજૂર** કરવામાં આવે છે.

આ ચૂકાદો આજરોજ તારીખ: **૧૭મી** માહે **માર્ચ**, સને **૨૦૨૬** ના રોજ સુરત મુકામે ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સહી/–
**(રાહુલ અરૂણકુમાર ત્રિવેદી)**
સત્ર ન્યાયાધીશ, સુરત
[કોડ નં.જીજે૦૧૪૯૫]

DPP